# નિવેદન

અનુસ્નાતકનો અભ્યાસ પૂરો કર્યા પછી સંશોધન ક્ષેત્રે એમ.ફિલ. એ મારું પ્રથમ પગથિયું હતું અને પ્રસ્તુત મહાશોધ નિબંધ એ સંશોધન ક્ષેત્રે મારું બીજું પગથિયું છે. હાલના તબક્કે ગુજરાતમાં દલિતો, શોષિતો, આદિવાસીઓ, સ્ત્રીઓના ઇતિહાસને લખવાની શરૂઆત થઇ ગઇ છે. દલિતો, શોષિતો, આદિવાસીઓ, સ્ત્રીઓના ઇતિહાસ પર સંશોધન અને લેખન કાર્ય કરવામાં રસ હોવાથી આ વિષય પસંદ છે.

ગાંધીજી દ્વારા થયેલ દલિતોદ્ધારની રચનાત્મક પ્રવૃતિઓના ઇતિહાસ પર સંશોધન કરવું એ મારા માટે ગૌરવની વાત છે. આવા વિષયો પરનું સંશોધન કાર્ય અને લેખન કાર્ય રાજકીય ઇતિહાસ કે ગૌરવશાળી ઇતિહાસ જેટલું સરળ નથી. દલિતો, પીડિતો જેવા વિષય પર સંશોધન કરવું એ પડકારરૂપ છે. પ્રસ્તુત સંશોધન કાર્યમાં રાજા મહારાજાઓની દિનચર્યાઓ, આઝાદીની લડતના સત્યાગ્રહો, જિલ્લાઓના પ્રદાનો, વ્યક્તિ વિશેષના ઇતિહાસના નામે લખાતા જીવનચરિત્રો વગેરેથી ઉપર ઊઠીને ઇતિહાસ લેખનના નવા પ્રવાહોમાં નવી પેઢી પોતાની જાતને સાંકળે એવો પ્રયાસ કરાયો છે. ઇતિહાસનું નિર્માણ એક સામૂહિક પ્રક્રિયા છે. ઇતિહાસના નિર્માણમાં માત્ર ઉચ્ચ વર્ગનો જ ફાળો ન હતો. ઇતિહાસમાં દલિતવર્ગની અવગણનાને ધ્યાનમાં રાખી, પ્રસ્તુત સંશોધન કાર્યમાં દલિતોના ઇતિહાસને સમાજના છેવાડામાંથી શોધી, બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ સંદર્ભમાં દલિતોના ઇતિહાસમાં સામાજિક ન્યાય અને આર્થિક, સાંસ્કૃતિક વિકાસ માટેની તેમની લડતો, સંઘર્ષો અને આંદોલનના મહત્ત્વને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. રાષ્ટ્રીય કક્ષાના ઇતિહાસકારોએ આવા વિષયો પર સંશોધન કાર્ય કર્યું છે પણ ગુજરાતમાં અમુક સંશોધન કાર્યોને બાદ કરતા હજુ સુધી આવા વિષયો પર ગુણવત્તાસભર સંશોધન કાર્ય થયું નથી, આવી ખુટતી કડીને જોડવાનો પ્રયત્ન પ્રસ્તુત સંશોધન કાર્ય દ્વારા કરાયો છે.

પ્રસ્તુત સંશોધન કાર્ય ફક્ત ભૂતકાળને વાગોળવા માટે નથી બલકે વર્તમાન સમાજને સભાન કરવા અને ભવિષ્યના સર્જન માટે પણ ઉપયોગી બને તેમ છે. ગાંધીજીની

દલિતોદ્ધારની પ્રવૃતિને તેમના મૃત્યુ પછી અવિરત ચાલુ રાખવા માટે અને અસ્પૃશ્યતાને રચનાત્મક પ્રયત્નો દ્વારા ધીરે ધીરે પણ મૂળમાંથી કાઢવાનો પ્રયત્ન ચાલુ રહે એ અગત્યનું છે. દલિતોનો પ્રશ્ન એ ફેંકી દેવા જેવો પ્રશ્ન નથી, પરંતુ ગુજરાતના ૮% એટલે કે લગભગ ૫૦ લાખ લોકોના અવાજને સામાજિક, રાજકીય અને રાષ્ટ્રીય સ્તરે ધબકતો રાખવાનો છે. સમાજના પાયાના સ્તરે ગાંધી વિચાર અને પ્રવૃતિની અસર, સવર્ણ વર્ગનો સ્વીકાર-પ્રતિકાર-પ્રતિભાવ એ પ્રસ્તુત સંશોધન કાર્ય દ્વારા દર્શાવવાનો પ્રયત્ન થયો છે. એ સ્વીકારવું પડશે કે, દલિતોને પણ દુનિયામાં જીવવાનો, આગળ વધવાનો, સ્વતંત્ર રહેવાનો અધિકાર છે. તેઓમાં વર્ગ સભાનતા, નેતૃત્વ પધ્ધતિ વગેરે ભારોભાર છે જેને સ્વીકારવું પડશે.

'તથ્યો, હકીકતો પવિત્ર હોય છે. ટીકા-ટિપ્પણી અને મૂલ્યાંકનો પોત-પોતાનું...' એ ન્યાયે શુધ્ધ અને વૈજ્ઞાનિક પધ્ધતિથી સંશોધન કાર્ય કર્યું છે.ગુજરાતના ઇતિહાસમાં સંશોધન તથા લેખન કરનારા સંશોધકો અને લેખકોની અછત વર્તાય છે ત્યારે મૂળભૂત દસ્તાવેજો સુધી પહોંચી સંશોધનનો પ્રયાસ નવી પેઢી માટે મહત્ત્વનું સાબિત થશે. દફતરીય સાધનો, ગાંધીજીના અલભ્ય સામયિકો, ક્ષેત્રકાર્ય આ બધાના આધારે થયેલું સંશોધન કાર્ય ગુજરાતના દલિતોના ઇતિહાસમાં મહત્ત્વનું સાબિત થશે.

ઇતિહાસ સંશોધનના આધારે પ્રથમ પ્રકરણમાં અસ્પૃશ્યતાનો ઉદ્ભવ કયાંથી ? ક્યારથી? શાથી? અસ્પૃશ્યો કોણ હતા ? ત્યાંથી લઇ છેક ગાંધીયુગની શરૂઆત થઇ એ પહેલાના દલિતોદ્ધારના પ્રયત્નો એટલે કે મહારાજા સયાજીરાવ ગાયકવાડ સુધીના થયેલા દલિતોદ્ધારના પ્રયત્નોને અભ્યાસ દ્વારા પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. બીજા પ્રકરણમાં, મારા સંશોધનનું કેન્દ્રબિંદુ ગાંધીજીની દલિતોદ્ધારની પ્રવૃતિ હોવાથી, ગાંધીજીના દલિતોદ્ધાર માટેના પ્રેરક પરિબળો તપાસવાનો પ્રયત્ન કર્યો છે. ગાંધીજી હિંદમાં આવ્યા પછી તેમણે રચનાત્મક કાર્યો શરૂ કર્યા એમાં દલિતોદ્ધાર અને અસ્પૃશ્યતા નિવારણનું મહત્ત્વ અને તે પ્રત્યેના ગાંધીજીના વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. ત્રીજા પ્રકરણમાં, જે સંશોધનનો હાર્દ

હોઇ ગાંધીજીની ભારતના રાજકારણમાં પ્રવેશ્યાથી માંડી છેક ઇ.સ. ૧૯૪૭ સુધીની તેમની દલિતોદ્ધારની પ્રવૃતિઓનો સિલસિલાબંધ ઇતિહાસ આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રકરણ ચારમાં, ગાંધીયુગમાં ગાંધીજીએ તૈયાર કરેલા દલિતોદ્ધારના કાર્યકરોની તેમની દલિતોદ્ધારની પ્રવૃતિઓને દર્શાવવામાં આવી છે. પાંચમાં પ્રકરણમાં, ગાંધીયુગીન દલિતોદ્ધાર પ્રવૃતિઓના પ્રભાવને તપાસવામાં આવ્યો છે, સાથે સાથે દલિતોદ્ધાર માટેના સરકારશ્રીના પ્રયત્નો,સવર્ણ સમાજનો દલિતો પ્રત્યેનો અભિગમ, દલિતોની બદલાતી સ્થિતિ, ગાંધીયુગીન દલિતોદ્ધાર પ્રવૃતિઓની મર્યાદા અને દલિતોદ્ધાર પ્રવૃતિઓનો નિષ્કર્ષ અભ્યાસ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. ગાંધીયુગીન દલિતોદ્ધાર પ્રવૃતિઓની તવારીખ રજૂ કરી સંશોધન કાર્યને સુંદર બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત મહાશોધનિબંધની શરૂઆતમાં, સૌપ્રથમ મારા માર્ગદર્શક ડૉ. અરુણ વાઘેલાનો આભાર વ્યક્ત કરુ છું. તેમણે મહાશોધ નિબંધના વિષય પસંદગીથી લઇને તેની રજુઆત સુધી મને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સાથે ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના અધ્યાપકશ્રીઓનો, વહીવટી કર્મચારીઓનો આભાર માનું છું. ગોધરાની શેઠ પી.ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના ઇતિહાસ વિભાગના અધ્યાપક પ્રા. ધર્મિષ્ઠાબેન મોદી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ગ્રંથપાલનો આભારી છું. હાલ હું જ્યાં પ્રાધ્યાપક તરીકેની ફરજ બજાવું છું તે સરકારી વિનયન કોલેજ, શહેરાના આચાર્યશ્રી તથા વહીવટી કર્મચારી અને ગ્રંથપાલશ્રીનો પણ આભારી છું. મારા સહકર્મી અધ્યાપકશ્રીઓની મદદ પણ સંશોધનકાર્યને પૂરું કરવામાં મદદરૂપ સાબિત થઇ છે, જેમનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મારા પરિવારના આશિર્વાદને સંશોધન કાર્ય પૂરું કરવામાં નિમિત્ત માનું છું. પરિવારનું સતત પ્રેરણાદાયી પ્રોત્સાહન, સંશોધન કાર્ય માટે યોગ્ય વાતાવરણ, સંશોધનકાર્ય માટેના નવા અને તંદુરસ્ત વિચારોને પોષણ, સંશોધનની પ્રત્યેક ક્ષણે સહકાર આપી,

મહાશોધનિબંધ તૈયાર કરવામાં ખૂબ જ મોટી ભૂમિકા ભજવી છે, એ માટે માતા-પિતાને દંડવત પ્રણામ કરું છું. મારા બહેન સ્વ.ગાયત્રીને પ્રસ્તુત મહાશોધનિબંધની સફળતામાં, જીંદગીની પ્રત્યેક ક્ષણની જેમ અહીં પણ તેમના આર્શિવાદને સ્વીકારું છું.

અને છેલ્લે, પ્રસ્તુત મહાશોધ નિબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર સર્વેનો અત્રે આભાર માની તેમનું ઋણ સ્વીકારું છું.

**તારીખ :** **ગૌતમ આર. ચૌહાણ**

**સ્થળ : અમદાવાદ**